CRIMINAL CASE NO. 23860/2021

**૧૦ મા અધિક સિનીયર સિવિલ જજ અને અધિક ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટની અદાલત, વડોદરા**

ફરીયાદી The STATE

વિરૂઘ્ધ

આરોપી DIPESH ARVINDKUMAR JAIN

**આંક ૧ નીચે હુકમ**

૧) તહોમતદાર વિરૂઘ્ધ ઈ.પી.કો.કલમ ૧૮૮ તથા ધી એપીડેમીક ડીસીઝ એકટ, ૧૮૯૭ ની કલમ ૩ મુજબના આક્ષેપો સબબ ચાર્જશીટ ત.ક.અમલદાર દ્વારા પોલીસ રીપોર્ટ અન્વયે રજુ કરવામાં આવેલ છે.

૨) ધી એપીડેમીક ડીસીઝ એકટની કલમ ૩ માં એવી જોગવાઈ કરવામાં આવેલ છે કે જે કોઈ વ્યકિત સદર કાયદા હેઠળ બહાર પાડવામાં આવેલ આદેશ કે નિયમનનુ ઉલ્લંઘન કરે તો ઈ.પી.કો.કલમ ૧૮૮ મુજબનો ગુન્હો આચર્યાનુ ગણવાનુ રહેશે.

૩) આ તબકકે સીઆર.પી.સી.કલમ ૧૯૫ ની જોગવાઈ વંચાણે લેતાં ઈ.પી.કો. કલમ ૧૮૮ સબબ જયારે આક્ષેપ કરવામાં આવેલ હોય ત્યારે અદાલત તે આક્ષેપો સબબની વિચારણા રાજય સેવકની લેખીત ફરીયાદ સિવાય કરી શકે નહીં. અહીં 'ફરીયાદ' શબ્દ મહત્વનો છે, જેથી ફરીયાદની વ્યાખ્યા સીઆર.પી.સી.કલમ ૨(ઘ) માં કરવામાં આવેલ છે તે વંચાણે લેવામાં આવે તો ફરીયાદની વ્યાખ્યામાં પોલીસ રીપોર્ટનો સમાવેશ થતો નથી, તેવો વ્યાખ્યામાં જ ઉલ્લેખ છે. આમ, કાયદાની જોગવાઈ અનુસાર ઈ.પી.કો.કલમ ૧૮૮ સબબ આક્ષેપો કરવામાં આવેલ હોય ત્યારે રાજય સેવકે મેજીસ્ટ્રેટ રૂબરૂ લેખીત ફરીયાદ દાખલ કરેલ હોવી ફરજીયાત છે, અન્યથા અદાલત સદર આક્ષેપ સબબની વિચારણા કરી શકે નહી, એટલે કે, બીજા શબ્દોમાં કહીએ તો અદાલત પોલીસ તપાસ કરનાર અમલદારે પોલીસ રીપોર્ટ અન્વયે રજુ કરેલ ચાર્જશીટ આધારે આક્ષેપીત વિરૂઘ્ધ ઈ.પી.કો.ક.૧૮૮ સબબ કોગ્નીઝેન્સ લઈ શકે નહીં. તેમ

છતાં ચાર્જશીટ પોલીસે કરેલ હોય તો કોગ્નીઝેન્સ લેવા માટે સીઆર.પી.સી.કલમ ૧૯૫ ની જોગવાઈનો સ્પષ્ટપણે બાધ આવે છે. હાથ પરના કીસ્સામાં પોલીસ તપાસ કરનાર અમલદારે પોલીસ રીપોર્ટ આધારે ચાર્જશીટ કરેલ છે જેથી ત્હોમતદાર વિરૂધ્ધ ઈ.પી.કો.કલમ ૧૮૮ સબબની ઈન્સાફી કાર્યવાહી શરૂ કરી શકાય નહીં.

૪) આ ઉપરાંત તહોમતદાર વિરૂધ્ધ ધી એપીડેમીક ડીસીઝ એકટ, ૧૮૯૭ ની કલમ ૩ સબબ આક્ષેપો કરવામાં આવેલ છે, પરંતુ ઉપરોકત નોંધવામાં આવેલ છે તે રીતે આ કલમની જોગવાઈ અનુસાર જે કોઈ વ્યકિત સદર કાયદા હેઠળ બહાર પાડવામાં આવેલ આદેશ કે નિયમનનુ ઉલ્લંઘન કરે તો ઈ.પી.કો.કલમ ૧૮૮ નો ગુન્હો આચર્યાનુ ગણાશે, જેથી ઉપરોકત પેરાની ચર્ચા ધ્યાને લેતાં આ સબબની પણ કાર્યવાહી શરૂ કરી શકાય નહીં. આમ, આ સમગ્ર કેસ ગુણદોષ પર ચલાવવાનો આગ્રહ રાખી નીર્ણીત કરવામાં આવે તો પણ આ ક્ષતિ ફરીયાદપક્ષ કોઈપણ રીતે દુર કરી શકે તેમ નથી, જેથી હાથ પરના કીસ્સામાં જો સમગ્ર ઈન્સાફી કાર્યવાહી ચલાવી નીર્ણય કરવાનો આગ્રહ રાખવામાં આવે તો પણ તે આ અદાલતનો કિમતી સમય વેડફયા બરાબર ગણાશે.

૫) ના.શ્રી સુપ્રીમકોર્ટે C.Muniappan & ors. V/s. State of Tamil Nadu, AIR 2010 SC 3718 ના ચુકાદામાં પેરા નં.૨૫–૨૭ માં ઠરાવેલ છે કે, કલમ ૧૯૫ ની જોગવાઈ ફરજીયાત સ્વરૂપની છે, તેનુ પાલન કરવામાં આવેલ ન હોય તો સમગ્ર ટ્રાયલ દુષીત ગણાય, ફરીયાદ સિવાય ટ્રાયલ ચલાવવામાં આવેલ હોય અને સજા ફરમાવવામાં આવેલ હોય તો તે હકુમત સિવાયની કાર્યવાહી ગણાય તથા શરૂઆતથી રદબાતલ ગણાય, કાયદો ઈ.પી.કો.કલમ ૧૮૮ સબબ જાહેર સેવકની ફરીયાદ સિવાય અદાલતને કોગ્નીઝેન્સ લેવા માટે પરવાનગી આપતો નથી.

૬) ના.શ્રી ગુજરાત હાઈકોર્ટે નીચે દર્શાવેલ તમામ ચુકાદામાં એવું પ્રતિપાદીત કરેલ છે કે, ઈ.પી.કો.કલમ ૧૮૮ સબબ આક્ષેપ કરવામાં આવેલ હોય અને એફ.આઈ.આર. અન્વયે ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ હોય તો અદાલત કોગ્નીઝેન્સ લઈ શકે નહીં.

1. SHAHIDKHAN VAHIDKHAN PATHAN V/S. STATE OF GUJARAT
   Cri.Misc.Appln. No.17473 of 2020, D.O.J. 14/6/2021

2. PARSHOTTAM ODHAVJIBHAI SOLANKI V/S. STATE OF GUJARAT Cri.Misc.Appln. No.31264 of 2016, D.O.J. 4/11/2020

3. HAJI OSMAN HAJI SULEMAN BHAYA V/S STATE OF GUJARAT Cri.Misc.Appln.No.11675 & 11676 of 2015, D.O.J. 22/01/2020

4. MOHMADMOHSIN MOHMADIRFAN CHHALOTIYA V/s. STATE OF GUJARAT; Special Criminal Appln. No.4105 of 2017, D.O.J. 15/02/2019

5. MERUBHAI MANDANBHAI CHANDERA V/s STATE OF GUJARAT Cri.Misc.Appln. No.17286 of 2017, D.O.J. 10/11/2017

6. ZAID BHAGAT S/O. ALTAF V/s. STATE OF GUJARAT Special Criminal Appln. No.7913 of 2017, D.O.J. 3/11/2017

7. NARENDRASINH ARJUNSINH ATODARIYA V/s. STATE OF GUJARAT Special Criminal Appln. No.6244 of 2015, D.O.J. 27/10/2015

8. Nirmalaben Arvindbhai Itwala V/s. Kalavatiben Natwarlal Sindhwawala, LAWS(GJH)-1997-7-69/GCD-1997-3-856

9. Kanjibhai Babldas Patel & Ors. V/s. State of Gujarat, Cri.Misc.Appln. No.348 of 1995, D.O.J.16/3/2010

૭) આમ, ઉપરોકત સમગ્ર ચર્ચા લક્ષ્ય પર લેતાં પોલીસ રીપોર્ટ અન્વયે તપાસ કરનાર અમલદારના ચાર્જશીટ આધારે ઈ.પી.કો.કલમ ૧૮૮ સબબ કોગ્નીઝેન્સ અદાલત લઈ શકે નહીં, સીઆર.પી.સી. કલમ ૧૯૫ નો બાધ આવે છે. તેમ છતાં ચાર્જશીટ કરવામાં આવેલ હોય તો તે કાર્યવાહી શરૂઆતથી દુષિત ગણાય.

૮) સીઆર.પી.સી.કલમ ૨૫૮ ની જોગવાઈ અનુસાર જયારે ફરીયાદ સિવાય કોઈ કેસ માંડેલ હોય અને તે સમંસ ટ્રાયેબલ કેસ હોય ત્યારે અદાલત કોઈપણ તબકકે તેવા કેસની કાર્યવાહી બંધ રાખવાનો હુકમ લેખીત કારણો આપી કરી શકે છે.

૯) હાથ પરના કીસ્સામાં તહોમતદાર વિરૂધ્ધ જે આક્ષેપો કરવામાં આવેલ છે તેની સજાની જોગવાઈ વંચાણે લેવામા આવે તો બે વર્ષથી વધુ કેદની સજાની જોગવાઈ કરવામાં આવેલ નથી. આમ, તહોમતદાર વિરૂધ્ધના તમામ આક્ષેપોની

કાર્યવાહી સમન્સ ટ્રાયેબલ પધ્ધતિથી ચલાવવાની રહે છે, આક્ષેપીત વિરૂધ્ધ ચાર્જશીટ રજુ થયેલ છે, એટલે કે, ફરીયાદ ઉપરથી માંડેલ કેસ નથી અને ઉપરોકત કરેલ ચર્ચા અનુસાર સમગ્ર કાર્યવાહી શરૂઆતથી દુષીત છે, જેથી આક્ષેપીત વિરૂધ્ધની સદર કેસની કાર્યવાહી સીઆર.પી.સી. કલમ ૨૫૮ અન્વયે બંધ કરવાનો હુકમ ફરમાવવો જોઈએ તેમ આ અદાલતનુ માનવુ છે. જેથી ન્યાયના હીતમાં નીચે મુજબ આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**હુકમ**

(૧) પોલીસ તપાસ કરનાર અમલદાર ધ્વારા પોલીસ રીપોર્ટ અન્વયે રજુ કરવામાં આવેલ સદર ચાર્જશીટ અન્વયે અત્રેની અદાલતના ફોજદારી કેસ રજીસ્ટરે દાખલ થયેલ સદર ફોજદારી કેસના કામે ત્હોમતદાર વિરૂધ્ધ ભારતીય દંડ સંહીતાની કલમ ૧૮૮ તથા ધી એપીડેમીક ડીસીઝ એકટની કલમ ૩ ના આક્ષેપો સબબનુ કોગ્નીઝન્સ લેવામાં આ અદાલતને સીઆર.પી.સી.કલમ ૧૯૫ નો બાધ આવતો હોઈ તહોમતદાર વિરૂધ્ધની સદર કેસની કાર્યવાહી સીઆર.પી.સી.કલમ ૨૫૮ અન્વયે બંધ કરવાનો હુકમ ફરમાવવામાં આવે છે અને તહોમતદારને તેમની વિરૂધ્ધના તમામ આક્ષેપોમાંથી છોડી મુકવાનો હુકમ ફરમાવવામાં આવે છે.

હુકમ આજ તા.૧૦ મી જુલાઈ, ૨૦૨૧ ના રોજ નેશનલ લોક અદાલતમાં જાહેર થયેલ સ્પેશીયલ સીટીંગમાં કર્યો.

તા.૧૦–૦૭–૨૦૨૧.
વડોદરા.
સ્પેશીયલ સીટીંગ

**(સુશીલ ભગવંતરાય ભટ્ટ)**
અધિક ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ, વડોદરા.
જજ કોડ : જીજે–૦૦૮૫૭